આજની મેચ (ત્રીજી ક્વાર્ટર ફાઇનલ) નોર્વે vs ઈંગ્લેન્ડ, રાત્રે 2.30 વાગ્યે

# મોરોક્કોને 2-0થી હરાવી ફ્રાન્સ સેમી ફાઈનલમાં

**એમ્બાપ્પેએ** પહેલો ગોલ કર્યો અને ફ્રાન્સ વતી ડેમ્બલેએ કરેલા બીજા ગોલમાં તે સહાયક બન્યો

**હાલના** વર્લ્ડકપમાં ગોલ મામલે એમ્બાપ્પે મેસીની બરોબરીએ સર્વાધિક ગોલ મામલે તેનાથી એક ગોલ પાછળ

ફોક્સબરો, તા. 10 (એપી) : ફિફા વર્લ્ડકપમાં ગઇકાલે ગુરુવારે રાત્રે અહીં રમાયેલી પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં પ્રથમ હાફમાં પેનલ્ટી કિક ચૂકી ગયા બાદ કિલિયન એમબાપ્પેએ શાનદાર વાપસી કરીને એક ગોલ કર્યો અને બીજા ગોલમાં મદદ કરતાં ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવીને સતત ત્રીજી વખત સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ફ્રાન્સ માટે ઓસ્માન ડેમ્બેલે બીજો ગોલ કર્યો, જે હવે મંગળવારે ડલ્લાસમાં સેમી ફાઈનલમાં સ્પેન અથવા બેલ્જિયમનો સામનો કરશે.

મેચની 60મી મિનિટે કરેલો ગોલ એમ્બાપેનો વર્લ્ડ કપ કેરિયરનો 20મો ગોલ હતો, જેના કારણે તે આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસીથી ફક્ત એક ગોલ પાછળ રહ્યો હતો, જ્યારે હાલના વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે તે મેસીની બરોબરીએ બેઠો હતો, બંનેએ 8-8 ગોલ કર્યા છે. ડેમ્બેલેએ 66મી મિનિટે ટુર્નામેન્ટમાં પોતાનો પાંચમો ગોલ કર્યો.

2022માં કતારમાં રમાયેલી સેમી ફાઈનલમાં ફ્રાન્સે મોરોક્કોને આ જ સ્કોરથી હરાવ્યું હતું. ફ્રાન્સ હવે સતત ત્રણ વર્લ્ડકપ ફાઈનલમાં રમનાર ત્રીજો દેશ બનવાના માર્ગ પર છે. આ વર્ષના વર્લ્ડકપમાં પોતાનો આઠમો ગોલ કર્યા પછી, એમબાપ્પે હાથ લંબાવીને ગોળ ફર્યો. ઈજાના ડરે મેદાન છોડીને જતા સમયે તેણે સ્ટેડિયમમાં ફ્રેન્ચ ચાહકોને હાથ હલાવ્યો. મોરોક્કનના એક ડિફેન્ડરે તેને ટેકલ કર્યાના લગભગ 13 મિનિટ પછી, 76મી મિનિટે એમબાપ્પે મેદાન પર ઢળી પડ્યો અને એક મિનિટ પછી તેને બદલી દેવામાં આવ્યો. બેન્ચ પર પહોંચ્યા ત્યારે તેના જમણા પગની ઘૂંટીમાં બરફનો પેક હતો, પરંતુ મે ચ



પછી, તેણે તેના બંને બૂટ પહેર્યા અને તેના સાથી ખેલાડીઓ સાથે ઉજવણી કરવા દોડ્યો. મેચ દરમિયાન ફ્રાન્સ ગોલ પર શોટમાં 21-4 અને ટાર્ગેટ પર શોટમાં 8-1થી આગળ હતું. ફ્રાન્સ પાસે હવે બ્રાઝિલ અને પશ્ચિમ જર્મનીની જેમ સતત ત્રણ વર્લ્ડ કપ ફાઇનલમાં પહોંચવાની તક છે.

### ફિફા વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ કરનારા ખેલાડી

| ખેલાડી | દેશ | મેચ | ગોલ |
|---|---|---|---|
| લિયોનલ મેસી | આર્જેન્ટીના | 31 | 21 |
| કિલિયન એમ્બાપ્પે | ફ્રાન્સ | 20 | 20 |
| મિરોસ્લાવ ક્લોસ | જર્મની | 24 | 16 |
| રોનાલ્ડો | બ્રાઝિલ | 19 | 15 |
| હેરી કેન | ઈંગ્લેન્ડ | 16 | 14 |
| ગેર્ડ મૂલર | જર્મની | 13 | 14 |

### ગોલ્ડન બૂટની રેસમાં એમબાપ્પે મેસી સાથે બરોબરીએ

ફોક્સબરો, તા. 10 : વર્લ્ડકપ ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કો પર ફ્રાન્સની 2-0થી જીતમાં એક ગોલ કરીને કિલિયન એમબાપ્પેએ 'ગોલ્ડન બૂટ'ની રેસમાં આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસીની બરાબરી કરી લીધી છે. બંને ખેલાડીઓએ વર્તમાન ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં આઠ-આઠ ગોલ કર્યા છે એમબાપ્પેએ અત્યાર સુધી તેના વર્લ્ડકપ કેરિયરમાં 20 ગોલ કર્યા છે, જે મેસીના 21 ગોલના રેકોર્ડથી ફક્ત એક પાછળ છે. 'ગોલ્ડન બૂટ' જીતવાની રેસમાં, આ બંનેને નોર્વેના સ્ટાર સ્ટ્રાઈકર એર્લિંગ હાલેન્ડ (સાત ગોલ), ઈંગ્લેન્ડના હેરી કેન (છ) અને ફ્રાન્સના ઓસ્માન ડેમ્બેલે (પાંચ) તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે.

### મોરોક્કો સામેનો એક ગોલ એમબાપ્પેના નામે ઘણાં રેકોર્ડ જોડી ગયો

**8** ગોલ હાલના વર્લ્ડકપમાં કિલિયન એમ્બાપ્પેના થયા છે અને તે આ વર્લ્ડકપમાં સર્વાધિક ગોલ મામલે આર્જેન્ટીનાના લિયોનલ મેસીની બરોબરી પર બેઠો છે. તેમના પછી નોર્વેના અર્લિંગ હાલેન્ડે સાત અને ઈંગ્લેન્ડના હેરી કેને છ ગોલ કર્યા છે.

**20** ગોલ સાથે તે વર્લ્ડકપમાં સર્વાધિક ગોલની યાદીમાં મેસી પછી બીજા ક્રમે છે, જર્મનીનો મિરોસ્લાવ ક્લોસ 16 ગોલ સાથે ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત એમ્બાપ્પે ફ્રાન્સ વતી સર્વાધિક વર્લ્ડકપ ગોલ ધરાવે છે.

**64** ગોલ સાથે કિલિયન એમ્બાપ્પે ફ્રાન્સ વતી સર્વાધિક ઇન્ટરનેશનલ ગોલ ધરાવે છે, ઓલિયર ગિરોડ આ યાદીમાં 57 ગોલ સાથે બીજા જ્યારે 51 ગોલ સાથે થિયરી હેનરી ત્રીજા અને એન્ટોઇન ગ્રીઝમેન 44 ગોલ સાથે ચોથા ક્રમે છે.

**17** નોન પેનલ્ટી વર્લ્ડકપ ગોલ સાથે એમ્બાપ્પે હવે આ મામલે મેસીની બરોબરી પર બેઠો છે. આ બંને ખેલાડીઓએ વર્લ્ડકપમાં તેમણે રમેલી તમામ મેચોમાં 17 નોન પેનલ્ટી ગોલ કર્યા છે.

**12** ગોલ સાથે કિલિયન એમ્બાપ્પે વર્લ્ડ કપ નોકઆઉટ મેચોમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યો. આ સાથે જ તેણે સર્વકાલીન યાદીમાં 8-8 ગોલ ધરાવતા બ્રાઝિલના મહાન ખેલાડીઓ લિયોનીદાસ અને રોનાલ્ડોથી ઘણો આગળ નીકળી ગયો છે.

**11** ગોલ આસિસ્ટ સાથે એમ્બાપ્પે બે બે અલગ અલગ વર્લ્ડકપમાં 11 ડાયરેક્ટ ગોલ યોગદાન આપનાર પ્રથમ ખેલાડી બન્યો. તેણે કતાર વર્લ્ડકપ 2022માં આઠ ગોલ અને બે આસિસ્ટ સાથે બે આંકડામાં પહોંચ્યો હતો.

**20** મેચ સાથે એમ્બાપ્પે ફ્રાન્સ વતી વર્લ્ડકપમાં સર્વાધિક મેચ રમવાના રેકોર્ડ બાબતે હ્યુગો લોરિસ સાથે જોડાયો છે, જો કે તે આ સીમાચિહ્ન સુધી પહોંચનાર સૌથી યુવા ખેલાડી બન્યો.

# વિમ્બલડન : સિનર-ઝ્વેરેવ વચ્ચે પુરુષ સિંગલ્સની ફાઇનલ

**ફ્રેન્ચ** ઓપન ચેમ્પિયન ઝ્વેરેવ વાઇલ્ડ કાર્ડ ધારક આર્થર ફેરીને હરાવીને ફાઇનલમાં પહોંચ્યો

**નંબર** વન સિનરે 24 ગ્રાન્ડસ્લેમ ટાઇટલ જીતનારા દિગ્ગજ જોકોવિચને ગયા વર્ષની જેમ સીધા સેટમાં હરાવ્યો

લંડન, તા. 10 : ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાતી વિમ્બલડન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટના પુરુષ સિંગલ્સની ફાઇનલનો મુકાબલો નંબર વન ઇટાલિયન યાનિક સિનર અને બીજા ક્રમાંકિત જર્મન એલેક્ઝાન્ડર ઝ્વેરેવ વચ્ચે રવિવારે રમાશે. આજે શુક્રવારે રમાયેલી બીજી સેમી ફાઈનલમાં સિનરે દિગ્ગજ નોવાક જોકોવિચને સીધા સેટમાં 6-4, 6-4, 6-4થી હરાવ્યો હતો, જ્યારે તેના પહેલા રમાયેલી પ્રથમ સેમી ફાઈનલમાં ઝ્વેરેવે બ્રિટિશ વાઈલ્ડકાર્ડ આર્થર ફેરીના પ્રભાવશાળી રનનો અંત લાવીને તેને 7-6, 6-2, 6-4થી હરાવ્યો હતો.

ફ્રેન્ચ ઓપનમાં પોતાનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યાના એક મહિના પછી, જર્મનીનો એલેક્ઝાન્ડર ઝ્વેરેવ હવે વિમ્બલડનની ફાઇનલમાં પહોંચ્યો છે અને તે પોતાનું પહેલું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યા પછી તરત જ બીજુ મેજર ટાઇટલ જીતનારો પ્રથમ ખેલાડી બનવાનું લક્ષ્ય ધરાવે છે. જો કે તેની સામે સિનરના રુપમાં મોટો પડકાર હશે.



સિનરે જોકોવિચ સામેની સેમી ફાઇનલમાં ગયા વર્ષ જેવું જ પ્રભુત્વ જમાવ્યું હતું. ગયા વર્ષે સિનરે વિમ્બલડનની સેમિફાઇનલમાં જોકોવિચને 6-3, 6-3, 6-4 થી હરાવીને તેના પ્રથમ વિમ્બલડન ટાઇટલ તરફ આગળ વધ્યો હતો. અને આજે રમાયેલી સેમી ફાઇનલમાં પણ એ જ ઈતિહાસ ફરી એકવાર દોહરાવાયો હોય તેવું લાગ્યું હતું. સિનરે જોકોવિચને કોઇ તક આપી નહોતી અને તેણે 24 વારના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનને 2 કલાક અને 20 મિનિટમાં 6-4, 6-4, 6-4 થી હરાવ્યો હતો. ગયા વર્ષે રમાયેલી સેમી ફાઇનલમાં તેણે જોકોવિચને હરાવવા માટે એક કલાક અને ૫૫ મિનિટનો સમય લીધો હતો.

### ગીલને વિમ્બલડન મેચ રોયલ બોક્સમાંથી જોવાનું નિમંત્રણ, ચોથો ભારતીય કેપ્ટન બન્યો



લંડન, તા. 10 (પીટીઆઇ) : ભારતીય ટેસ્ટ અનેવન ડે ટીમના કેપ્ટન શુભમન ગીલને વિમ્બલડનના પ્રતિષ્ઠિત રોયલ બોક્સ તરફથી મેચ જોવા માટે ખાસ આમંત્રણ મળ્યું છે, જે આ સન્માન મેળવનારા પસંદગીના ભારતીય કેપ્ટનોની યાદીમાં જોડાશે. ગીલ આ સન્માન મેળવનાર ચોથો ભારતીય કેપ્ટન બન્યો. તેના પહેલા ફક્ત સચિન તેંદુલકર, વિરાટ કોહલી અને રોહિત શર્માને રોયલ બોક્સમાંથી વિમ્બલડન જોવાનો લહાવો મળ્યો હતો. શુભમન ગિલ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે, આગામી ત્રણ મેચની વન ડે સીરિઝની તૈયારી કરી રહ્યો છે. તેણે યુકેના સિલ્વરસ્ટોન સર્કિટ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સનો પણ આનંદ માણ્યો. છવીસ વર્ષના ગિલે VIP મહેમાન તરીકે પહેલી વાર ફોર્મ્યુલા વન રેસનો અનુભવ કર્યો. તેમણે વાડોની મુલાકાત લીધી, ફોર્મ્યુલા વન વિશ્વના ઘણા લોકોને મળ્યા અને આ પ્રતિષ્ઠિત મોટરસ્પોર્ટ ઇવેન્ટના ખાસ વાતાવરણનો આનંદ માણ્યો. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચમી અને છેલ્લી ટી20 આંતરરાષ્ટ્રીય મેચ શનિવારે સાઉથમ્પ્ટનમાં રમાશે. ત્યારબાદ બંને ટીમો ગિલના નેતૃત્વમાં ત્રણ મેચની વનડે શ્રેણીમાં એકબીજાનો સામનો કરશે.

# ચોથી ટી-20 જીતવા સાથે ઈંગ્લેન્ડે ભારત સામે પહેલી ટી-20 સીરિઝ જીતી

**ફરી** એકવાર ટોપ ઓર્ડરની નિષ્ફળતા વચ્ચે શ્રેયસ અય્યરની નોટઆઉટ ઇનિંગથી ભારતે 158 રન બનાવ્યા

**બ્રુક** અને સોલ્ટની 146 રનની નોટઆઉટ ભાગીદારીથી ઈંગ્લેન્ડે 13.5 ઓવરમાં એક વિકેટે લક્ષ્યાંક આંબ્યો

બ્રિસ્ટલ, તા. 10 : પાંચ મેચની સીરિઝની ગઇકાલે ગુરુવારે અહીં રમાયેલી ચોથી ટી-20 મેચમાં ભારતીય ટોપ ઓર્ડર ફરી એકવાર નિષ્ફળ રહ્યા પછી કેપ્ટન શ્રેયસ અય્યરની નોટઆઉટ અર્ધસદીની મદદથી સાત વિકેટે 158 રન બનાવ્યા પછી કેપ્ટન હેરી બ્રુક અને ફિલ સોલ્ટની અડધી સદી અને બંને વચ્ચેની શતકીય ભાગીદારીથી ઈંગ્લેન્ડને એકતરફી નવ વિકેટની જીત સાથે પાંચ મેચની સીરિઝમાં 3-0ની અજેય સરસાઇ મેળવીને સીરિઝ કબજે કરી લીધી હતી અને ઈંગ્લેન્ડે ભારત સામે પોતાની પહેલી દ્વિપક્ષીય ટી-20 સીરિઝ જીતી હતી. ભારતે આયર્લેન્ડ સામેની પાછલી સીરિઝ 0-2થી હારી હતી, જેના કારણે ઐયરની કેપ્ટનશીપ હેઠળની છેલ્લી છ મેચોમાંથી આ પાંચમી મેચમાં હાર મળી છે. વર્તમાન સીરિઝની પહેલી મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી.

ભારતે મૂકેલા 159 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ઈંગ્લેન્ડે બ્રુકના 35 બોલમાં નોટઆઉટ 79 અને ઓપનર સોલ્ટના 42 બોલમાં નોટઆઉટ 59 રન તેમજ બંને વચ્ચે બીજી વિકેટ માટે 146 રનની નોટઆઉટ ભાગીદારીની મદદથી 13.5 ઓવરમાં એક વિકેટે લક્ષ્યાંક આંબી લીધો હતો. આ પહેલા ટોસ જીતીને



દાવ લેનાર ભારતીય ટીમના ટોપ ઓર્ડરના ત્રણ બેટ્સમેન ફરી લથડ્યા હતા અને શ્રેયસ સિવાયના અન્ય બેટ્સમેન નિષ્ફળ રહ્યા હતા

શ્રેયસે 49 બોલમાં નોટઆઉટ 80 રન ફટકારવા ઉપરાંત 22 રન કરનારા શિવમ દુબે સાથે ચોથી વિકેટ માટે 53 રનની ભાગીદારીની મદદથી ભારતે સાત વિકેટે 158 રન બનાવ્યા હતા.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સૂર્યવંશી કો.કરન બો.આર્ચર | 15 | 10 | 1 | 1 |
| અભિષેક કોએન્ડબો.રશિદ | 16 | 14 | 2 | 0 |
| ઇશાન કો.કરન બો.ટંગ | 4 | 6 | 0 | 0 |
| શ્રેયસ નોટઆઉટ | 80 | 49 | 4 | 5 |
| દુબે કો.બેન્ટન બો.જેક્સ | 22 | 23 | 2 | 0 |
| તિલક કો.રેહાન બો.ટંગ | 11 | 8 | 0 | 1 |
| સુંદર કો.રશિદ બો.આર્ચર | 5 | 8 | 0 | 0 |
| અક્ષર રનઆઉટ | 1 | 2 | 0 | 0 |
| વધારાના | 4 | | | |
| કુલ (20 ઓવરમાં સાત વિકેટે) | 158 | | | |

**વિકેટપતન** : 1/23, 2/33, 3/48, 4/101, 5/130, 6/157, 7/158

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 20 | 2 |
| જોશ ટંગ | 4 | 0 | 36 | 2 |
| વિલ જેક્સ | 4 | 0 | 28 | 1 |
| સેમ કરન | 4 | 0 | 24 | 0 |
| આદિલ રશીદ | 4 | 0 | 49 | 1 |

| ઈંગ્લેન્ડ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સોલ્ટ નોટઆઉટ | 59 | 42 | 9 | 1 |
| બટલર કો.ઇશાન બો.અર્શદીપ | 8 | 8 | 0 | 1 |
| બ્રુક નોટઆઉટ | 79 | 35 | 8 | 4 |
| વધારાના | 13 | | | |
| કુલ (13.5 ઓવરમાં એક વિકેટે) | 159 | | | |

**વિકેટપતન** : 1/13

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 3.5 | 1 | 41 | 1 |
| પ્રસિદ્ધ કૃષ્ણા | 3 | 0 | 26 | 0 |
| પ્રિન્સ યાદવ | 3 | 0 | 28 | 0 |
| અક્ષર પટેલ | 2 | 0 | 24 | 0 |
| વોશિંગ્ટન સુંદર | 1 | 0 | 19 | 0 |
| શિવમ દુબે | 1 | 0 | 15 | 0 |

### ઈંગ્લેન્ડની ભારત સામેની સીરિઝ જીતના રસપ્રદ આંકડાઓ

**10** દ્વિપક્ષીય સીરિઝ સતત ભારતે ઈંગ્લેન્ડ સામે જીતી હતી. વર્તમાન સીરિઝ પહેલા ભારતનો ઈંગ્લેન્ડ સામે અગાઉનો સીરિઝ પરાજય ૨૦૧૮માં થયો હતો. તે સમયે ઈંગ્લેન્ડમાં પાંચ મેચની ટેસ્ટ સીરિઝ ભારત 1-4થી હાર્યુ હતું.

**6** ટી-20 મેચ સતત હારતાં ભારતનો આ ફોર્મેટમાંસૌથી લાંબો જીતહીન સિલસિલો ચાલ્યો છે. ભારતે તેમના છેલ્લી પાંચ પૂર્ણ થયેલી ટી-20 હારી છે અને એવું પણ પહેલીવાર બન્યું છે.

**2019** માં ન્યુઝીલેન્ડ (વિદેશ) અને ઓસ્ટ્રેલિયા (ઘર) સામે હાર્યા પછી, આ ફોર્મેટમાં ભારતે પ્રથમ વખત આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામે સતત દ્વિપક્ષીય સીરિઝ ગુમાવી છે.

**37** બોલ બાકી રાખીને ઈંગ્લેન્ડ લક્ષ્યાંક સુધી પહોંચ્યું, જે પુરુષોની ટી-20 ઇન્ટરનેશનલમાં બોલ બાકી રહેવાની દૃષ્ટિએ ભારતનો ત્રીજો સૌથી મોટો પરાજય છે અને ઘરઆંગણે ઈંગ્લેન્ડનો બોલની દૃષ્ટિએ સૌથી મોટી જીત છે.

**159** રનના લક્ષ્યાંકને આંબવા ઈંગ્લેન્ડે જે 13.5 ઓવર લીધી તે આ ફોર્મેટમાં 150થી વધુના લક્ષ્યાંકનો પીછો કરવામાં ઈંગ્લેન્ડનો સૌથી ઝડપી અને ભારત સામે સંયુક્ત રીતે સૌથી ઝડપી છે.

**146*** રનની હેરી બ્રુક અને ફિલ સોલ્ટ વચ્ચે બીજી વિકેટની ભાગીદારી ટી-20 ઇન્ટરનેશનલમાં ભારત સામે કોઈપણ જોડી દ્વારા આ ચોથી સૌથી મોટી ભાગીદારી છે.

### શ્રેયસે રશિદ સામે બનાવેલા રન કુલ સ્કોરની ટકાવારીની દૃષ્ટિએ બીજા ક્રમે

ભારતના કુલ સ્કોર 158માંથી 44 રન (27.85 ટકા રન) શ્રેયસ અય્યરે આદિલ રશીદની બોલિંગમાં બનાવ્યા - પુરુષોની ટી-20 ઇન્ટરનેશનલમાં 150થી વધુ રનના સ્કોરમાં આ બીજા ક્રમના સૌથી વધુ ટકા છે 2024માં સમોઆના ડેરિયસ વિસેરના વનુઆતુના નાલિન નિપકોની બોલિંગમાં 174ના કુલ સ્કોરમાંથી બનાવેલા 53 રન સૌથી વધુ 30.46 ટકાવારી ધરાવે છે. અય્યરે રાશિદ સામે 16 બોલમાં 44 રન બનાવ્યા હતા.

### બોલ બાકી રહેવાની દૃષ્ટિએ ભારત સામે ઇંગ્લેન્ડની ટી-20માં સંયુક્ત સૌથી ઝડપી જીત

બ્રિસ્ટોલમાં રમાયેલી ચોથી ટી-20માં 159 રનના લક્ષ્યાંકનો પીછો કરવા માટે ઈંગ્લેન્ડે 13.5 ઓવર લીધી હતી, જે ટી-20 ફોર્મેટમાં બોલની દૃષ્ટિએ ઈંગ્લેન્ડનો સૌથી ઝડપી વિજય રહ્યો હતો. જો કે ભારત સામે આ ફોર્મેટમાં 150થી વધ રનના લક્ષ્યાંકનો પીછો કરવામાં બોલની દૃષ્ટિએ તેઓ દક્ષિણ આફ્રિકા સાથે સંયુક્ત રીતે સૌથી ઝડપી રહ્યા છે.

#### ભારત સામે ટી-20માં બોલની દૃષ્ટિએ સૌથી ઝડપી જીત

| ટીમ | લક્ષ્યાંક | સ્કોર | ઓવર | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|---|
| દક્ષિણ આફ્રિકા | 152 | 154/5 | 13.5 | પોર્ટ એલિઝાબેથ | 2023 |
| ઈંગ્લેન્ડ | 159 | 159/1 | 13.5 | બ્રિસ્ટોલ | 2026 |
| ઈંગ્લેન્ડ | 169 | 170/0 | 16.0 | એડિલેડ | 2022 |
| પાકિસ્તાન | 152 | 152/0 | 17.5 | દુબઇ | 2021 |
| વેસ્ટઇન્ડિઝ | 166 | 171/2 | 18.0 | લોડરહિલ | 2023 |

# મોદી-અલ્બેનીઝે ભારત-ઓસ્ટ્રેલિયા રમત સહયોગનો રોડમેપ જાહેર કર્યો

**ચેન્નાઈમાં** બિગ બેશ લીગ મેચ ભારત-ઓસ્ટ્રેલિયા રમતગમતના 'રોડમેપ'નું મુખ્ય આકર્ષણ બનશે

**આ** રોડમેપ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે રમત ભાગીદારીને વૈવિધ્યસભર બનાવવામાં મદદ કરશે : મોદી



મેલબોર્ન, તા. 10 (પીટીઆઈ) : વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના ઓસ્ટ્રેલિયન સમકક્ષ એન્થોની અલ્બેનીઝે શુક્રવારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમતગમતના ક્ષેત્રમાં સહયોગ માટે 'રોડમેપ' જાહેર કર્યો, જેનું મુખ્ય આકર્ષણ ચેન્નાઈમાં રમાનારી બિગ બેશ લીગ (બીબીએલ)ની આગામી સીઝનની શરૂઆતની મેચ છે.

વિદેશ મંત્રાલય તરફથી જારી એક રિલિઝ અનુસાર આ રોડમેપ રમતગમત તાલીમ અને ખેલાડીઓના વિકાસ, રમતગમત વિજ્ઞાન અને ટેકનોલોજી, અને રમતગમત ઉદ્યોગ અને રોકાણના ક્ષેત્રોમાં સહયોગને પ્રોત્સાહન આપશે. ઓસ્ટ્રેલિયન મેન્સ બિગ બેશ લીગની પહેલી મેચ ડિસેમ્બરમાં મેલબોર્ન રેનેગેડ્સ અને ડિફેન્ડિંગ ચેમ્પિયન પર્થ સ્કોર્ચર્સ વચ્ચે એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપૌક) ખાતે રમાશે. ભારતમાં આયોજિત થનારી આ પહેલી વિદેશી ક્રિકેટ લીગ મેચ હશે.

પીએમ મોદીએ કહ્યું હતું કે બીગ બેશ લીગની મેચ ભારતના ચેન્નાઈમાં યોજાવા અંગે હું આનંદિત છું. ભારતમાં કોઈ રમત લીગની મેચનું આયોજન વિસ્તૃત પાયાની અને તેને સૌથી વધુ વ્યુઅરશીપ મળવાની ગેરંટી મળે છે. બિગ બેશ લીગ (બીબીએલ) એ આઠ ટીમોની સ્પર્ધા છે અને તે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) પછી વિશ્વની સૌથી લોકપ્રિય સ્થાનિક ક્રિકેટ લીગમાંની એક છે. તે સામાન્ય રીતે ડિસેમ્બર અને ફેબ્રુઆરી વચ્ચે યોજાય છે. આ મેચ ડિસેમ્બરમાં સમગ્ર ભારતમાં યોજાનાર 'ગુડ ડે નમસ્તે' નામના અઠવાડિયા લાંબા ઉજવણીનું મુખ્ય આકર્ષણ હશે.

# લોર્ડ્સ ટેસ્ટ : ભારતીય મહિલા ટીમ પ્રથમ ઈનિંગમાં 285 રનમાં ઓલઆઉટ

**મંધાના**, હરમનપ્રીત અને દીપ્તિની અડધી સદી, જેમિમાએ 35 રનનું યોગદાન આપ્યું

લંડન, તા. 10 : ઈંગ્લેન્ડની સામે અહીં આજે શુક્રવારથી શરૂ થયેલી એકમાત્ર મહિલા ટેસ્ટના પહેલા દિવસે સ્મૃતિ મંધાનાના વિસ્ફોટક 83 રન અને કેપ્ટન હરમનપ્રીત કૌરના શાનદાર 58 રન ઉપરાંત ઓલરાઉન્ડર દીપ્તિ શર્માની અર્ધસદીની મદદથી ભારતીય મહિલા ટીમ પ્રથમ ઈનિંગમાં 74.5 ઓવરમાં 285 રન બનાવીને ઓલઆઉટ થઈ હતી. આ ત્રણેયની અડધી સદીની ઈનિંગ્સ ઉપરાંત, જેમીમા રોડ્રિગ્સે 35 રનનું યોગદાન આપ્યું. ઈંગ્લેન્ડ તરફથી સોફી એક્લેસ્ટોને ત્રણ, જ્યારે લોરેન ફાઈલર, ઈસી વોંગ અને મેડી વિલિયર્સે બે-બે અને લોરેન બેલે એક વિકેટ લીધી. સવારના સત્રમાં ભારતે ઝડપી રન બનાવ્યા, પરંતુ લંચ પછી તેમનો રન રેટ ધીમો પડી ગયો. બીજા સત્રમાં, ટીમે 26.2 ઓવરમાં બે વિકેટ ગુમાવીને ફક્ત 80 રન ઉમેર્યા. મંધાના અને જેમીમા



રોડ્રિગ્ઝે વચ્ચે ત્રીજી વિકેટ માટે 64 રનની ભાગીદારી કરતાં ભારતે પહેલા સત્રમાં ત્રણ વિકેટે 122 રન બનાવ્યા હતા. બીજા સત્રમાં ભારતને પોતાની પકડ જાળવી રાખવા માટે આ ગતિની જરૂર હતી. મંધાનાએ અને હરમનપ્રીતે ચોથી વિકેટ માટે 89 રનની ભાગીદારી કરી.

અગાઉ, ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો, અને તેમના બોલરોએ તેને સાચો સાબિત કરીને શેફાલી વર્મા અને યાસ્તિકા ભાટિયાની વિકેટ સસ્તામાં ખેરવી હતી. પરંતુ ત્યારબાદ મંધાનાએ બાજી સંભાળી અને ઈનિંગ્સને સ્થિર કરી. તેણે અને રોડ્રિગ્સે ઈંગ્લેન્ડના બોલિંગ આક્રમણ પર પ્રભુત્વ મેળવ્યું.

# કિંગ ચાર્લ્સ ત્રીજા 23 જુલાઈએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ ખુલ્લી મૂકશે

**10 માર્ચ,** 2025ના રોજ કોમનવેલ્થ ડે પર બકિંઘમ પેલેસ ખાતે કિંગ્સ બેટન પર રજૂ કરવામાં આવેલો સંદેશ વાંચવાની સાથે ગેમ્સનું ઉદ્દઘાટન થશે



ગ્લાસગો, તા. 10 (પીટીઆઈ) : બ્રિટનના રાજા ચાર્લ્સ ત્રીજા 23 જુલાઈના રોજ ગ્લાસગો 2026 કોમનવેલ્થ ગેમ્સનું ઉદ્ઘાટન કરશે, એમ આયોજકોએ શુક્રવારે જણાવ્યું હતું.

રાજા ચાર્લ્સ ત્રીજા રાણી કેમિલા સાથે આ સમારોહમાં હાજરી આપશે. તેઓ 10 માર્ચ, 2025ના રોજ કોમનવેલ્થ ડે પર બકિંઘમ પેલેસ ખાતે કિંગ્સ બેટન પર રજૂ કરવામાં આવેલો સંદેશ વાંચશે. આનાથી 2 ઓગસ્ટ સુધી ચાલનારી ગેમ્સ સત્તાવાર રીતે ખુલ્લી મૂકાશે. કોમનવેલ્થ સ્પોર્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજા અને રાણી 23 જુલાઈ, ગુરુવારના રોજ ગ્લાસગોના ધ હાઇડ્રો ખાતે ગ્લાસગો 2026 કોમનવેલ્થ ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં હાજરી આપશે.

નિવેદનમાં જણાવાયું છે કે સમારંભ દરમિયાન, રાજા ચાર્લ્સ એ સંદેશને વાંચી સંભળાવશે, જે તેમણે 10 માર્ચ 2025ના રોજ કોમનવેલ્થ ડે પર બકિંઘમ પેલેસ ખાતે કિંગના બેટન પર મૂક્યો હતો. એ જ દિવસે સુપ્રસિદ્ધ સાયકલ સવાર સર ક્રિસ હોય બેટન રિલેના લોન્ચિંગમાં પ્રથમ બેટન બેરર હતા. રાજા દ્વારા આ સંદેશનું વાંચન એ ક્ષણને ચિહ્નિત કરશે જ્યારે ગ્લાસગો ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સને સત્તાવાર રીતે ખુલ્લું જાહેર કરવામાં આવશે. 23મી કોમનવેલ્થ ગેમ્સમાં ૭૪ દેશો અને પ્રદેશોના ૩,૦૦૦ થી વધુ ખેલાડીઓ ભાગ લેશે, જે ૨૧૫ સુવર્ણ ચંદ્રકો માટે ૧૧ દિવસ સુધી સ્પર્ધા કરશે. આ ગેમ્સમાં ૧૦ સક્ષમ રમતવીરો અને છ પેરા-એથ્લીટ્સ ભાગ લેશે. ભારત આ ગેમ્સમાં ૧૨૪ રમતવીરોની ટુકડી મોકલશે.

### આજે અંતિમ ટી-20 : ઇંગ્લેન્ડની નજર ક્લિનસ્વીપ કરી નંબર વન રેન્કિંગ પર

સાઉથમ્પ્ટન, તા. 10 (પીટીઆઈ) : અત્યાર સુધી તેના યુકે પ્રવાસમાં નિરાશાજનક પ્રદર્શન કરનારી ભારતીય ટીમ જો શનિવારે અહીં રમાનારી પાંચમી ટી-20 ઈન્ટરનેશનલમાં ઈંગ્લેન્ડ સામે ક્લીન સ્વીપ ટાળવા માગતી હોય તો તેણે રમતના દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરવું પડશે, આ તરફ ઈંગ્લેન્ડની નજર સીરિઝમાં ક્લિનસ્વીપ કરીને ટી-20 રેન્કિંગમાં નંબર વનનું સ્થાન મેળવવા પર રહેશે. શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમે આયર્લેન્ડના બેલફાસ્ટના ભેજવાળા અને પવનયુક્ત હવામાનમાં પોતાની સફર શરૂ કરી હતી. ત્યારબાદ ટીમે ઉત્તરી ઈંગ્લેન્ડના શહેર ડરહામમાં સમય વિતાવ્યો અને હવે પાંચ મેચની સીરિઝની અંતિમ મેચ દક્ષિણ શહેર સાઉથમ્પ્ટનમાં રમશે. યુકેના છ શહેરોમાં એક વાત સુસંગત રહી છે. કેપ્ટન બન્યા પછી તે હજુ પણ પોતાની પહેલી જીત શોધી રહેલો અય્યર કમનસીબ રહ્યો છે. ભારતીય ટીમે 2006માં પોતાની પહેલી ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમી હતી, જ્યારે તે એક પણ મેચ જીતી શકી નથી, ત્યારથી આ સૌથી લાંબો તફાવત છે.

# વન ડે સીરિઝ પછી ખરાબ ટી-20 પ્રદર્શનની BCCI સમીક્ષા કરશે

**બીસીસીઆઇના** સચિવ દેવજીત સૈકિયાએ એવી સ્પષ્ટતા પણ કરી દીધી કે બોર્ડ ઉતાવળમાં કોઇ નિર્ણય નહીં લે

**2027ના** વન ડે વર્લ્ડકપ સુધી કરાર હોવાથી હાલમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીરના ભવિષ્ય પર કોઈ ખતરો નથી

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સચિવ દેવજીત સૈકિયાના જણાવ્યા અનુસાર, 19 જુલાઈના રોજ વન ડે સીરિઝ સમાપ્ત થયા પછી, આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામેની ટી-20 સીરિઝમાં ભારતીય ટીમના નિરાશાજનક પ્રદર્શન બાદ સમીક્ષા બેઠક યોજાશે. જોકે, સાકિયાએ એ પણ સ્પષ્ટતા કરી કે બોર્ડ કોઈ ઉતાવળમાં નિર્ણય લેશે નહીં.ભારતીય ટીમ આયર્લેન્ડ સામેની ટી-20 સીરિઝ 0-2થી હારી ગઈ છે, જ્યારે ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી-20 સીરિઝમાં તેઓ 0-3થી પાછળ છે. જોકે, એવું જાણવા મળ્યું છે કે હાલમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીરના ભવિષ્ય પર કોઈ ખતરો નથી કારણ કે બીસીસીઆઈ સાથે તેમનો કરાર 2027 વન ડે વર્લ્ડકપ સુધીનો છે. સૈકિયાએ શુક્રવારે એડિનબર્ગમાં આઈસીસીની વાર્ષિક બેઠક દરમિયાન જણાવ્યું કે બીસીસીઆઈ હાલમાં ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટી-20 સીરિઝમાં ભારતીય ટીમના પ્રદર્શન પર નજર રાખી રહ્યું છે. તેમણે કહ્યું કે સમીક્ષા એકંદર કામગીરીનું મૂલ્યાંકન કરશે, પરંતુ બોર્ડ કોઈ ઉતાવળમાં નિર્ણય લેશે નહીં.

સૈકિયાએ કહ્યું કે આ કોઈ અસામાન્ય પરિસ્થિતિ નથી અને ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પણ આવી શકે છે. અમે આને ટીમ માટે ખરાબ તબક્કા તરીકે જોઈએ છીએ. 19 જુલાઈના રોજ વન ડે સીરિઝ પૂર્ણ થઈને ટીમ ભારત પરત ફર્યા પછી, ઈંગ્લેન્ડ પ્રવાસની ખામીઓ પર ચર્ચા કરવા માટે મુખ્ય સભ્યો સાથે સમીક્ષા બેઠક યોજાશે. અમને આશા છે કે ટીમ વન ડે સીરિઝમાં વધુ સારું પ્રદર્શન કરશે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે સમીક્ષા બેઠક ટીમના પ્રદર્શન અને ખામીઓને દૂર કરવાના પગલાં સુધી મર્યાદિત રહેશે. અન્ય કોઈ વિષયો પર ચર્ચા કરવામાં આવશે નહીં.